## વર્ગ-4 ના કર્મચારીને નિવૃત્તિતારીખના મહિનાની આખર તારીખે નિવૃત્ત કરવા અંગે

શિક્ષણ વિભાગ, ઠરાવક્રમાંક : ખમશ-1390-મં, 1061-ગ,
સચિવાલય, ગાંધીનગર, તા. 7-4-'92

**ઠરાવ** :.ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમ : 36 માં પટાવાળા અને અન્ય કામિક કર્મચારીઓ, જો તેઓ શારીરિક રીતે યોગ્ય હોય તો 60 વર્ષની ઉંમર સુધી નોકરીમાં ચાલુ રાખી શકાશે તેવી જોગવાઈ છે. સરકાર સમક્ષ રજૂઆત કરવામાં આવી છે કે ઉક્ત જોગવાઈનું અર્થઘટન કરી આવા કર્મચારીઓ જે તારીખે 60 વર્ષની ઉંમર પૂરી કરે તે દિવસથી એટલે કે માસની અધવચ્ચે પણ છૂટા કરી દેવામાં આવે છે.

યોગ્ય વિચારણાને અંતે ઠરાવવામાં આવે છે કે ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમ, 1974ના વિનિયમક્રમાંક : 36 હેઠળ 60 વર્ષની ઉંમરે છૂટા થવા પાત્ર વર્ગ-4ના કર્મચારીઓને તેઓ જે માસમાં 60 વર્ષ પૂરા કરે તે માસની આખર સુધી ચાલુ રાખી નિવૃત્ત ગણવાના રહેશે.

આ ઠરાવ સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા. 21-2-'92ની સંમતિથી રવાના કરવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી, એચ. આર. સોની
સેક્શન અધિકારી, શિક્ષણ વિભાગ